શહેર-જિલ્લામાં ૧૨૩૬૧ બાળકોનું નામાંકન કરાશે

આજથી જિલ્લાની ૫૪૮ અને શહેરની ૪૪ શાળાઓમાં ૧૩ હજારથી વધુ બાળકોને પ્રવેશ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગ્રામ્ય કક્ષાએ તા. ૧૧, ૧૨, અને ૧૩મી જૂનના રોજ અને તા. ૧૮, ૧૯ અને ૨૦મી જુનના રોજ શહેરી કક્ષાનો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાશે. ગ્રામ્ય કક્ષાએ ૩૫ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. તેમજ શહેરી કક્ષાએ ૮ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં ગ્રામ્ય કક્ષાએ યોજાનાર આ કાર્યક્રમ થકી ૫૪૮ શાળાઓમાં કુલ ૧૨,૩૬૧ બાળકોનો પ્રવેશ ધોરણ૧માં કરવામાં આવશે. જયારે શહેરી કક્ષાએ ૪૪ શાળાઓમાં ૧૦૬૨ બાળકોનો ધોરણ૧માં પ્રવેશ કરાવવામાં આવશે. તે ઉપરાંત શહેરી કક્ષાએ ૧૫૬ અને ગ્રામ્ય કક્ષાએ ૨૦૨ મળીને કુલ ૩૫૮ વિધાર્થીનીઓને વિંધાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે.

૧૦૦ ટકા નામાંકન અને સાર્વત્રિકરણના નિર્ધાર સાથે ગુજરાત રાજયમાં ઓછી સ્ત્રી સાક્ષરતા ધરાવતા વિસ્તારોમાં માન. મુખ્યમંત્રીશ્રી તથા સમગ્ર મંત્રીમંડળ, રાજયકક્ષાના તમામ અધિકારીશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓ ઉપરાંત જિલ્લાતાલુકાના અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓના માર્ગદર્શન અને રાહબરી હેઠળ જૂન ૨૦૧૫ દરમ્યાન ગ્રામ્ય અને શહેરી કક્ષાએ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની આનંદમય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર, દહેગામ, માણસા અને કલોલ એમ ચાર તાલુકાઓમાં કુલ ૨૯૪ ગામોમાં તથા ગાંધીનગર શહેર સહિત છ શહેરી વિસ્તારોમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ૨૦૧૫ યોજાશે. જેમાં ૧૦૦ ટકા નામાંકન તથા શાળા છોડી ગયેલા બાળકોના પુનઃપ્રવેશનો કાર્યક્રમ નિર્ધારિત કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ દરમ્યાન શાળામાં સરગવો અને ફળાઉ ઝાડનું વાવેતર કરવામાં આવશે. પ્રવેશ પામતા બાળકોના નામ સાથે વૃક્ષનું નામ જોડવામાં આવશે. તેમજ બાળકોને સુખડી સાથે ફળો પણ આપવામાં આવશે. આંગણવાડીમાં દાતાશ્રીઓ દ્વારા રમકડાંનું વિતરણ કરવામાં આવશે. ધોરણ ૩ થી ૮માં પ્રથમ ક્રમે ઉતિર્ણ થનાર બાળકોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવશે. તે ઉપરાંત ગામના વયોવૃધ્ધ વડીલ, દાતાઓ અને શાળાના ભૂતપૂર્વ વિધાર્થીઓનું પણ સન્માન કરવામાં આવશે. તેમજ ધોરણ૧માં નવીન પ્રવેશપાત્ર કન્યાઓને વિધાલક્ષ્મી બોન્ડના ચેકનું વિતરણ, શહિદોના નામકરણ વાળી શાળાઓમાં જે તે શહીદવીરને શ્રધ્ધાજંલિ અર્પણ કરવામાં આવશે. યોગ પરિચય નિર્દશનમાં ૧૦થી ૧૫ બાળકો દ્વારા અલગ સ્ટેજ પર પ્રદર્શીત કરવામાં આવશે. શાળામાં પ્રવેશોત્સવની વિધિ સંપન્ન કરવા ગયેલ મહાનુભાવો દ્વારા એસ.એમ.સીના સભ્યો સાથે બેઠક યોજવામાં આવશે. આ કાર્યક્રમ દરમ્યાન શાળાના બાળકો દ્વારા અમૃતવચનો આપવામાં આવશે. જેમાં યોગથી નિરોગી, બેટી બચાવો, પાણી બચાવો, સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ વિષય પર શાળાના બે બાળકો પોતાનું અમૃતવચન આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિધાર્થી કે વિધાર્થીની દ્વારા જ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં યોજાનાર શહેરી અને ગ્રામ્ય કક્ષાના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં કુલ ૩૫ રૂટ પર પદાધિકારશ્રીઓ અને વરિષ્ઠ અધિકારીશ્રીઓ મળી કુલ ૪૩ વ્યક્તિઓ ઉપસ્થિત રહેશે. જેમાં ગ્રામ્ય કક્ષાએ નક્કી કરવામાં આવેલ ૩૨ રૂટમાં ગાંધીનગરમાં ૮, કલોલમાં ૫, માણસામાં ૫ અને દહેગામમાં ૧૪ સમાવેશ થાય છે. શહેરી કક્ષાએ નક્કી કરવામાં આવેલ ૮ રૂટમાં ગાંધીનગરમાં અને કલોલમાં બે બે, માણસામાં ૧ અને દહેગામમાં ૩ રૂટનો સમાવેશ થાય છે.

યોગ દિનમાં સહભાગી થવા સાઈટ લોંચ કરાઈ

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આગામી તા. ૨૧ જુને વિશ્વ યોગ દિનની ઉજવણીમાં જનભાગીદારીને જોડવા ઓનલાઈન રજીસ્ટ્રેશન માટેની વેબસાઈટનું ગાધીનગરમાં લોન્ચીંગ કર્યું હતું. અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે તા.

૨૧ જુન-૨૦૧૫ના યોજાનાર રાજયકક્ષના વિશ્વ યોગ દિવસ કાર્યક્રમમાં અમદાવાદના નગરજનો વ્યાપક પણે જોડાઈ શકે તે માટે આ વેબસાઈટ લોન્ચ કરવામાં આવી છે. આનંદીબેન લોંન્ચીંગ કરેલી આ વેબસાઈટના માધ્યમથી વ્યક્તિગત જુથમાં કે સંસ્થાકિય રજીસ્ટ્રેશન ઓનલાઈન કરાવી શકાશે. આ વેબ સાઈટ લોન્ચીંગ વેળાએ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજય મંત્રીઓ વસુબહેન ત્રિવેદી, નાનુભાઈ વાનાણી, છત્રસિંહ મોરી તેમજ વરિષ્ઠ સચિવ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન મુખ્યમંત્રી આનંદીબેન પટેલને આજે ગુજરાત મલ્ટીપ્લેક્ષ સિનેમા એસોસિયેશન દ્વારા ૧ કરોડનો ચેક મુખ્યમંત્રી સ્વચ્છતા નિધિ માટે સંજય મોવાલીયા અને સહયોગીઓએ અર્પણ કર્યો હતો. મુખ્યમંત્રીએ રાજયની માતા-બહેનો-દિકરીઓના સન્મા-આબરૂ માટે ઘર ઘર ટોયલેટની જે જનચેતના ઝુંબેશ ચલાવી છે.

ઊંઝામાં જરૂરી સ્ટેમ્પની કૃત્રિમ અછત સર્જાતા સ્થાનિકો ભારે પરેશાન

ઊંઝા, તા. ૧૦

ઊંઝા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી જરૂરી સ્ટેમ્પની કૃત્રિમ અછત સર્જાતા વિદ્યાર્થીઓ અને આમજનતા ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. શહેરમાં સ્ટેમ્પ વેન્ડરો દ્વારા જરૂરી સ્ટેમ્પનું વેચાણ થાય છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી કોર્ટ ફીની ટીકીટો તેમજ ૨૦ રૂપિયાના સ્ટેમ્પ મળતા નથી. તેમજ લગ્ન નોંધણી માટેની ૧૦૦ રૂપિયાની ટિકીટનો જાણે દુકાળ પડ્યો હોય તેમ લોકોને સહેલાઈથી મળતી નથી. પરિણામે આવા સ્ટેમ્પ મેળવવા માટે લોકોને અન્ય સ્થળેથી ખોટા ખર્ચા કરીને સ્ટેમ્પ મેળવવા પડે છે. લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઊંઝામાં જે સ્ટેમ્પ વેન્ડરો છે તે પૈકી કેટલાક સ્ટેમ્પ વેન્ડરો ૨૦ રૂપિયાના સ્ટેમ્પ હોવા છતાં વિદ્યાર્થીઓને તેમજ અન્ય જરૂરતમંદોને આપતા નથી. પરિણામે લોકોને ના છૂટકે ૫૦ અને ૧૦૦ રૂપિયાનો સ્ટેમ્પ લેવાની ફરજ પડે છે. ઊંઝા શહેરમાં અવારનવાર કેટલાક રીઢા સ્ટેમ્પ વેન્ડરો ૨૦ રૂપિયાના સ્ટેમ્પની કૃત્રિમ અછત ઉભી કરીને લોકોને ખોટા ખર્ચાઓમાં ઉતારી રહ્યા છે.

શહેરમાં સ્ટેમ્પ વેન્ડરનો પરવાનો ધરાવનાર પૈકી કેટલાક નિયત જગ્યાએ બેસીને સ્ટેમ્પનું વેચાણ કરતા નથી. આવા સ્ટેમ્પ વેન્ડરો ઓફીસોમાં બેસીને મનસ્વી રીતે સ્ટેમ્પનું વેચાણ કરતા હોય છે. આ સ્ટેમ્પ વેન્ડરો સ્ટેમ્પને લગતા જુદા જુદા લખાણો પેટે લોકો પાસેથી મનસ્વી રીતે તગડી ફઈ વસુલતા હોવાની લોક ફરિયાદો ઉઠી છે.

બેટી બચાવો-બેટી પઢાઓ અંગે પ્રદેશ બેઠક યોજાશે

પ્રદેશ મીડીયા સેલની યાદીમાં જણાવ્યું હતું કે, આવતીકાલ તા. ૧૧ જૂનના રોજ પ્રદેશ કાર્યાલય, શ્રી કમલમ્ ખાતે પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુ અધ્યક્ષતામાં અને રાષ્ટ્રીય મંત્રી શ્રી તરૂણ ચુધ અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા, બેટી બચાવો-બેટી પઢાઓ અભિયાનના પ્રદેશ ઈન્ચાર્જ શ્રીમતી વિભાવરીબેન દવે અને શ્રી જનકભાઈ પટેલ (બગદાણાવાળા) ની ઉપસ્થિતિમાં સવારે ૧૦.૩૦ કલાકે બેઠક યોજાશે.

પાલનપુરમાં ભારતીય રીઝર્વ બેંકના બેંકીંગ લોકપાલ કાર્યાલય દ્વારા બેંકીંગના ગ્રાહકોનો જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં બેંકીંગ લોકપાલ અમન મહેતા અને પી.કે. ક્રિશ્નને હાજર રહી ગ્રાહકોને બેંકીંગ અધિકારો વિશે માહિતી અને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

ઈન્ફોસીટી કલબ ખાતે રવિવારે ગ્રાન્ડ હાઉસી

ગાંધીનગર, તા. ૧૦

ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે ગ્રાન્ડ હાઉસીનું આયોજન આગામી તા. ૧૪મી જુનને રવિવારના રોજ કરવામાં આવ્યું છે. એલસીડી ટીવીથી લઈને કેશ પ્રાઈઝ જેવા આકર્ષક ઈનામો આ સ્પર્ધા માટે રાખવામાં આવ્યા હોવાથી ગાંધીનગરમાં આ બાબતે ભારે ઉત્તેજના છે.

રાજપથ-કર્ણાવતી કલબ જેવી અમદાવાદની મોટી મોટી કલબોમાં રમાડવામાં આવતી અને એલિટ કલાસમાં ખુબ જ લોકપ્રિય એવી ગ્રાન્ડ હાઉસીની રમતનો લ્હાવો હવે ગાંધીનગરના વસાહતી ઉઠાવી શકશે. કર્મચારી નગર તરીકેની ગાંધીનગરની ઓળખ હવે બદલાઈ રહી છે. ગીફટસીટી જેવા સ્માર્ટસીટીનું નિર્માણ ઝડપભેર થઈ રહ્યું છે. ટીસીએસ જેવી કંપનીમાં અન્ય પ્રાંતમાંથી આવેલા કર્મચારીઓ મોટી સંખ્યામાં કામ કરી રહ્યા છે. શહેરનું સ્ટેટસ વધતું જાય છે. જેના કારણે અમદાવાદ જેવા મોટા શહેરોમાં પ્રાપ્ત સુવિધાઓ અને મનોરજંનના સાધનોનો વિકાસ કરવો જરૂરી બન્યો છે. ગ્રાન્ડ હાઉસી જેવી ભવ્ય ઈવેન્ટનું આયોજન કરી ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ગાંધીનગરાઓને એક અનોખી તક પુરી પાડી રહ્યું છે.

ગ્રાન્ડ હાઉસીનો પ્રારંભ રવિવારે સાંજે ૫ વાગ્યાથી થશે. એન્ટ્રી માટે ફકત રૂ. ૨૦૦ની ફી રાખવામાં આવી છે. જેથી સૌ કઈ રસ ધરાવનારાઓ તેમાં ભાગ લઈ શકે. જુદા જુદા સ્ટેજ મુજબ રમત આગળ વધતી જશે.

આ ગ્રાઉન્ડ હાઉસીનું સૌથી મોટુ આકર્ષણ તેના ભવ્ય ઈનામો છે. પ્રથમ ઈનામ એલસીડી ટીવી છે. આ ઉપરાંત અન્ય ઈલેકટ્રોનિકસ ઉપકરણો, કલબની ફી મેમ્બરશીપ અને કેશ પ્રાઈઝ જેવા આકર્ષક ઈનામો રાખવામાં આવ્યા છે.

કલબના સભ્યો માટે ૨૫ ટકા અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો માટે હાઉસી પાસમાં ૩૦ ટકાનું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. ગ્રાઉન્ડ હાઉસીની જાહેરાત થતાં જ તેમાં ભાગ લેવા માટેની પુછપરછ ખુબ સારા પ્રમાણમાં થઈ રહી છે. રસ ધરાવનારાઓ ઈન્ફોસીટ કલબ એન્ડ રીસોર્ટનો સંપર્ક સાધી શકશે.

નવું સીમાંકન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આજે આખો દિવસ પંચાયતના અગ્રણીઓ આ સીમાંકનના નવા આદેશને પગલે દોડતા જોવા મળ્યા હતા. માણસાની ઈટાદરા બેઠકને મહિલા માટે અનામત કરવામાં આવી છે તેમજ વાવોલ અને ઝુંડાલની બેઠકો અનુ. જનજાતિ અને અનુ. જાતિ માટે અનામત કરાતાં ભારે ચર્ચાસ્પદ મુદ્દાઓ તરીકે ઉભર્યા છે. હાલીસાની બેઠક પણ નવા સીમાંકનમાં ફેરફારે સાથે અસ્તિત્વમાં આવતાં રાજકીય સમીકરણો બદલાશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવું છે.

ગાંધીનગર જિલ્લાની ચારેય તાલુકા પંચાયતોનું સીમાંકન અગાઉ જાહેર થઈ ચુકયું છે. આજના આ નવા સીમાંકનને લઈ રાજકીય આગેવાનોએ તેમના નવા મતવિસ્તારોની શોધખોળ માટે રાત્રિ બેઠકો અને ખાનગી બેઠકોનો સીલસીલો પણ શરુ કરી દીધો છે.

શાળા પ્રવેશોત્સવ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તો બીજા ત્રણ-ચાર બાળકોને સેક્ટર-૨૧ની પ્રાથમિક શાળામાં પ્રવેશ અપાવ્યો. શાળાએ પહોંચેલા બાળકોના ચહેરા પરના સ્મિતે આ યુવા મિત્રોના હૈયે આત્મસંતોષની અનોખી ટાઢક રેલાવી.

આ ત્રણ મિત્રોમાં છે એક પીડીપીયુમાં અભ્યાસ કરતો સચિન ઠક્કર, બીજો છે એન્જિનીયરીંગમાં અભ્યાસ કરતો વ્યોમ અમીન અને ત્રીજો હુસેન પટેલ બી.કોમ. કરી રહ્યો છે. સચિન, વ્યોમ અને હુસેને સાચા અર્થમાં 'શાળા પ્રવેશોત્સવ' ઉજવ્યો છે. જેમાં સરકારી પ્રવેશોત્સવ જેવા કોઈ ખોટા દેખાડા કે ઝાકમઝોળ નથી પરંતુ તેના થકી ભવિષ્યમાં ગરીબની ઝુંપડીએ તેજસ્વી તારલા ટમટમવાના છે એ નક્કી છે. ખરેખર સલામ છે ગાંધીનગરના આ યુવાનોને જેમણે નવો રાહ ચીંધ્યો છે. તેમણે પ્રગટાવેલ આ જ્યોત હવે ઝળહળતી રાખવાની જવાબદારી આપણા સૌની ખરી કે નહી ?

ઉકળાટ યથાવત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તાપમાનનો પારો ૨૮ ડિગ્રી સે. જોવા મળ્યો હતો. વાતાવરણમાં ભેજું પ્રમાણ સવારે ૬૨ ટકા સુધી હતી જે સાંજે પણ ૫૬ ટકા સુધી રહેવા પામ્યું હતું. આ કારણે તડકો હોવા છતાં ગરમીના બદલે ઉકળાટનો માહોલ સર્જાયો હતો. બપોર પછી પવન ફૂંકાતા નગરના ખુલ્લા મેદાનો અને પહોળા માર્ગો પર ધૂળની ડમરીઓ ઉડી હતી. જેના કારણે ટુ વ્હીલર્સના ચાલકોને થોડી ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. દિવસ દરમ્યાન વાતાવરણ એકંદરે મધ્યમ તાપમાનવાળુ રહેવા પામ્યું હતું. આકાશમાં વરસાદી વાદળો છુટા પડી જતાં મોટા મોટા સફેદ વાદળોના ગોટેગોટાના કારણે નયનરમ્ય દેશ્યો સર્જાયા હતા. સાંજે સૂર્યાસ્ત સમયે પણ સફેદ વાદળોના કારણે અદ્‌ભૂત રંગબેરંગી આકાશી નજારો સર્જાયો હતો તે જોવા ઘણા નગરજનો બાળકો સાથે મકાનોના ધાબે ચઢ્યા હતા.

બપોરના સમયે વાવોલ સહિતના ગુડા વિસ્તારમાં વિજ સપ્લાય વારંવાર ખોરવાઈ જતાં ઉકળાટના કારણે રહીશોની બપોરની ઊંઘમાં ખલેલ પડી હતી. ચોમાસાના પ્રારંભે જ ઉત્તર ગુજરાત વિજ કંપનીના ધાંધિયા ચાલુ થઈ જવાના સંકેત મળતા ગુડા વિસ્તારના રહીશોમાં નિરાશાનું મોજુ ફરી વળવા પામ્યું હતું.

'એપી સેન્ટર'

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સ્પર્ધાત્મક પરીક્ષાના પેપરો ફુટવાના બનાવો બનવા પામ્યા છે. જેથી આખે આખી પરીક્ષા રદ કરવાનો વારો આવ્યો છે. અને આ પેપર લીક થવાની ઘટનામાં પકડાયેલા અથવા સપડાયેલા તમામ લોકો ના કનેકશન સીધા ગાંધીનગરમાં બેઠેલા નોકરીના દલાલો સાથે જોડાયેલા છે. અને આ દલાલોના છેડા છેક મંત્રીઓ સુધી અડકેલા છે. અને મોટા પાયે સરકારી ભરતીમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર કરી કરોડોની કમાણી કરી રહ્યા છે. પરિણામે ગાંધીનગર સ્પર્ધાત્મક પરીક્ષા કૌભાંડનું એપી સેન્ટર બની ગયું છે. તાજેતરમાં જ પંચાયત પસંદગી બોર્ડ દ્વારા લેવાનારી તલાટી કમ મંત્રી, ફિમેલ હેલ્થ વર્કર અને જુ. કલાર્કની પરીક્ષાની પહેલા જ પેપર ફુટી જતા ૪ જેટલા જિલ્લામાં પરીક્ષા રદ કરવામાં આવી હતી અને પેપર લીક પ્રકરણમાં ફસાયેલા ૪ જેટલા ઈસમોની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી જેની તપાસમાં આ તમામ લોકોના સંબંધ ગાંધીનગર સાથે જોડાયેલા છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં વારંવાર થતા ભ્રષ્ટાચાર અને કૌભાંડના લીધે મહેનતુ અને હોંશિયાર વિદ્યાર્થીઓએ સરકાર અને સરકારી ભરતી પ્રક્રિયા સાથે જોડાયેલ તંત્ર સામે ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો છે. અને જવાબદાર અધિકારી અને રાજકારણીઓ સામે સખત પગલા લેવા માંગ કરી છે.

શબ્દાવલી - ૫૭૫૬



આડી ચાવી

૧. સામાન, સંરજામ (૨)
૩. ભેટ (હિન્દી) (૨)
૬. વાંચન, ભણવું તે, અભ્યાસ (૪)
૭. ઘોડે સવાર, પલટન (૩)
૯. ઓરડો, હોલ (૨)
૧૦. પગેરું, ડગલાં (૩)
૧૧. પોતાના પર વીતી હોય તેવી (૪)
૧૩. અર્ક, સત્વ (૨)
૧૪. પડ, સ્તર (૨)
૧૫. ભારત દેશનું રહેવાસી (૪)
૧૭. પડદો, આડ (૩)
૧૮. રથમાં બેસી લડનાર યોદ્ધો (૨)
૧૯. 'વકરો' આડોઅવળો થયો છે (૩)
૨૧. ખૂબ અધિરાઇ, તનમન(૪)

ઊભી ચાવી

૧. વચેટ, નિમિત (૩)
૨. સુરતાલનો સમન્વય (૨)
૪. તલાક, છુટાછેડા (૪)
૫. બરફગોળો (ચુસવાનો)(૨)
૬. રતાશ પડતું, સોનેરી પરોઢ(૩)
૮. બીવી કે ભાઇ કો... બોલતે હૈ (૨)
૧૦. પાવન (૩)
૧૧. દેવની મૂર્તિ સમક્ષ દીવો ઉતારવો તે (૩)
૧૨. એ પ્રકારના સુંદર પથ્થર(૫)
૧૩. શ્રીકૃષ્ણ અર્જુનના રથના... બન્યા હતા (૩)
૧૪. ઝાડનો આધાર મૂળ અને...(૨)
૧૫. આપણો દેશ, ઇન્ડિયા (૩)
૧૬. આર્ય સંસ્કૃતિ બહારનો માણસ (૩)
૧૭. કડક, તીવ્ર (૩)
૨૦. રોકાઇ જા (૨)

શબ્દાવલી ૫૭૫૫ના જવાબ

આડી ચાવી :- (૧) ટાકણું (૩) ભગવાન (૬) ટીપ (૭) ફન (૮) માખ (૯) તલાક (૧૦) ભવાની (૧૧) મથાળુ (૧૨) ભવાઇ (૧૩) કચકચ (૧૬) થાપણદાર (૧૮) પછી (૧૯) રથ (૨૦) ચકડોળ

ઊભી ચાવી :- (૧) ટાંટીયો (૨) કપ (૩) ભનક (૪) વામા (૫) નખરાળુ (૭) ફલાની (૯) તવાઇ (૧૦) ભવા (૧૧) મલક (૧૨) ભરથાર (૧૩) કદ્યચ (૧૪) ચરક (૧૫) ચપળ (૧૭) પથ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ
STEEL TIGER એવોર્ડ વિજેતા
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧
અલ્ટ્રાટેક સિમેન્ટ, કામધેનુ TMT (ISI) સ્ટીલ, કપચી, ગ્રીટ, મેટલ, હિન્દવેર સેનેટરીવેર, સોલીડ કોંક્રીટ બ્રિક્સ (સિમેન્ટ યુઝ્ડ)

ટચૂકડી જાહેર ખબર
વેચવાની છે
સેક્ટર નં.૩૦માં વાણિજ્ય અને રહેણાંકના હેતુવાળી, બે-શટર, આગળ-પાછળ પાર્કીંગની જગ્યા, ૮૭.૫ ચો. મીટર, આર.સી.સી. બાંધકામવાળી દુકાન, જુન-૨૦૧૫માં થનાર ઈ-હરાજીની દુકાનોના ભાવ ધ્યાનમાં રાખી વ્યાજબી ભાવે વેચાણથી આપવાની છે.
ફોન : ૯૬૬૨૩૫૮૪૪૦

કામધેનુ યુનિવર્સિટી
કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦, ગાંધીનગર
વાહન સુવિધા હંકારનારની સેવા સાથે પુરી પાડવાની ટેન્ડર નોટીસ (બીજો પ્રયત્ન)
કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર માટે વાહન સુવિધા હંકારનારની સેવા સાથે પુરુ પાડવા ઈચ્છતા ઈજારદારો પાસેથી નિયત ટેન્ડર ફોર્મમાં ભાવો મંગાવવામાં આવે છે. ટેન્જર અંગેની તમામ શરતો ટેન્ડર ફોર્મમાં દર્શાવવામાં આવેલ છે. આ જાહેરાત પ્રસિદ્ધ થયાથી તા. ૧૭/૬/૨૦૧૫ સુધીમાં કચેરી સમય દરમિયાન (જાહેર રજાના દિવસો સિવાય) ટેન્ડર ફી રૂ. ૧૦૦/- ડીમાન્ડ ડ્રાફ્ટથી કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગરના નામે રજૂ કરી ટેન્ડર ફોર્મ મેળવી શકાશે. ભરેલ ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં રજીસ્ટર પો.એ.ડી.થી ઉપર દર્શાવેલ કચેરીના સરનામે તા. ૧૮/૬/૨૦૧૫ સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. વાહન સુવિધા પુરી પાડનાર ઈજારદારશ્રીને વાહન સુવિધ ાપુરી પાડવાનો ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ હોવો જોઈએ. ઈજારદારશ્રીએ બે બંધ કવર આપવાના રહેશે. બંને કવર ઉપર અનુક્રમે 'પ્રાઈઝ બીડ' અને 'ટેકનીકલ બીડ' એમ લખવાનું રહેશે. ટેન્ડર તા. ૧૯/૬/૨૦૧૫ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકે ઉપર દર્શાવેલ કચેરીએ ખોલવામાં આવશે. જેમાં સંબંધિત ઈજારદારશ્રીએ અવશ્ય હાજર રહેવાનું રહેશે. ટેન્ડર મંજુર કરવાની કે ના મંજુર કરવાની તમામ આખરી સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની અબાધિત રહેશે.
કુલસચિવ
માહિતી/૬૦૭/૧૫-૧૬ કામધેનુ યુનિવર્સિટી

SANGHI CEMENT, KisaN, ashirvad C. PVC, UPVC, BENELAVE BATH FITTINGS, DR.FIXIT, TATA STEEL • PIPES • SHEETS, VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ